**DATE: 18/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જાહેરમાં જુગાર રમતાં 6 જણા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરા તાલુકામાં આવેલાં ઓરા ગામે પરમાર ફળિયામાં આવેલાં બળિયાદેવના મંદીરના ઓટલા પર કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમીના આધારે વાગરા પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તમામ જુગારિયાઓ હરેશ લક્ષ્મણ પરમાર, વિરેન્દ્રસિંહ અર્જૂનસિંહ રાજ, વસંત રમણ વસાવા, કિશન મહેશ વસાવા, અશોક સોમા વસાવા તેમજ અનિલ ઠાકોર વસાવાને ઝડપી પાડ્યાં હતાં.

**DATE: 19/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**



## બાકરોલ બ્રિજ પાસે આવતાં પોલીસે દબોચ્યો

# ચોરીના કેસનો 3 મહિનાથી વોન્ટેડ આરોપી આખરે ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી જીઆઈડીસી માં આવેલ કામધેનુ ન્યુટ્રિયન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની માં ગત 8 સપ્ટેમ્બર માસ માં તસ્કરો ત્રાટક્યા હતા અને કંપની માંથી 38000 રૂપિયા ના સર સમાન ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જે અંગે અંકલેશ્વર પાનોલી પોલીસ મથક ખાતે કંપની દ્વારા ફરિયાદ નોંધાઈ હતી.

પાનોલી પીએસઆઈ એસ. ટી. દેસાઈ અને ટીમે ચોક્કસ માહિતી આધારે ચોરીના સમાન સાથે ગ્રીનવેલી સોસાયટી કાપોદ્રા રહેતા દીપકકુમાર ઉર્ફે વિકીસિંગ, અને વીરુઉર્ફે ભૈરવ લક્ષ્મણ સિંગરાજપૂતને ઝડપી પાડી તેમની પાસેથી મોટર 6, ક્રેસિંગઅને ફ્લેઝઅને સ્ક્રુ મળી 38000 રૂપિયા નો મુદ્દામાલ રિકવર કર્યોહતો. તેમની ઉલટ તપાસ કરતા આ ચોરીમાં નુર આલમબદરુદ્દીન મનીહારઅને રાજેશ ઉર્ફે ગુજ્જુની પણ સંડોવણી બહાર આવી હતી. દરમિયાન એલસીબી પોલીસ ટીમ નેશનલ હાઈવે પર બાકરોલ બ્રિજ પાસે પેટ્રોલીંગમાં હતી તે વેળાંનુર આલમબદરુદ્દીન મનીહારબાકરોલ બ્રિજ પાસે હોવાની ચોક્કસ માહિતી મળી હતી. જે આધારે એલસીબી પોલીસ એ તેને ઝડપી પાડ્યો હતો

**DATE: 19/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અંકલેશ્વરમાં 7.95 લાખની ચોરી કરી હતી

# 58થી વધુ ગુનાઓ કરનાર આંતરરાજ્ય ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત રોજ અંકલેશ્વરના શક્તિ નગર ખાતે તસ્કરો બંધ મકાન ને નિશાન બનાવી 7.95 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પી.આઈ. પ્રગ્નેશ સિંહ ચાવડા અને તેમની ટીમે આજુબાજુના માર્ગ પર લાગેલા સીસીટીવી ફૂટેજનું એનાલિસીસ કરી તપાસ કરતાં ચોક્કસ માહિતી મળી હતી કે જીમી ઉર્ફે દિપકની સંડોવણી છે. જે આધારે એક ટીમ કીમના મુલદ ખાતે પહોંચી રાધેશ્યામ સોસાયટી ખાતે તેના ઘરમાંથી જ ઝડપી પાડ્યો હતો. અને તેની ઉલટ તપાસ કરતા તેને ચોરી કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસે ચોરી માં ગયેલ સોના -ચાંદીના દાગીના કુલ 2.44 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે. ચોરી કરી મહારાષ્ટ્ર નંદુરબાર ભાગવાની ફિરાકમાં હતો એ પૂર્વે જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલ રીઢા ચોર જીમી ઉર્ફે દિપક શર્મા સામે મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાત માં 58 થી વધુ ઘરફોડ ચોરી ના ગુના નોંધાયા છે.

**DATE: 19/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# જંબુસર પોલીસ સ્ટેશન વિભાગ દ્વારા નવયુગ વિદ્યાલયમાં સ્પર્ધાઓ યોજાઈ



ભરૂચ । નવયુગ વિદ્યાલયમાં જંબુસર પોલીસ સ્ટેશનના જવાનો તથા યુવા વિભાગનું રમત ગમતનું થયું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જંબુસર પોલીસ સ્ટેશનના પી. આઈ. એ.વી. પાનમિયા સાહેબે ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી રણછોડભાઈ, આચાર્ય હિતેન્દ્રસિંહ ઠાકોર, પોલીસ કોન્સ્ટેબલ પૂર્ણિમાબેન, કરણસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ રાઠોડ, નન્હી કલી ફાઉન્ડેશનના અધ્યક્ક્ષા કરમજીત કોર તથા નૂતનબેન યાદવ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 20/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# પાનોલીની કંપનીમાં ચોરી કરનારો આરોપી ઝડપાયો

અંકલેશ્વર: પાનોલીમાં ઘરફોડ ચોરીને અંજામ આપી ભાગી ગયેલા આરોપીને ભરૂચ એલસીબી પોલીસે ને.હા.નં.૪૮ ઉપર આવેલા પાનોલી બ્રિજ નીચેથી ઝડપી પાડ્યો હતો. ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાનોલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમીદારથી ખાનગી બાતમી હકીકત મળી હતી કે, “પાનોલી પોલીસમથકમાં અગાઉ નોંધાયેલી ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી નુરાઆલમ બદરૂદીન શોકતઅલી મનીહાર (રહે., અંશાર માર્કેટ, ભડકોદ્રા, તા.અંકલેશ્વર) બાકરોલ બ્રિજ પાસે હાજર છે. જેને બાતમીના આધારે સ્થળ ઉપરથી ઝડપી પાડ્યો હતો. આરોપીએ પાનોલી જીઆઈડીસીની એક કંપનીમાં ચોરી કર્યા બાદ આશરે ત્રણેક મહિનાથી વોન્ટેડ આરોપી હતો અને તેના વિરુદ્ધ પાનોલી પોલીસમથકે ગુનો દર્જ થયો હતો.

**DATE: 20/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# દહેજ પોલીસ સ્ટેશનના ગ્રાઉનમાં સ્પર્ધાઓ યોજવામાં આવી



**ભરૂચ** | દહેજ પોલીસ સ્ટેશન ના ગ્રાઉન્ડ માં દહેજ પોલીસ સ્ટેશન ના જવાનો તથા યુવા વિભાગ નું રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને દહેજ પોલીસ સ્ટેશનના પી. આઈ. એચ. બી. ઝાલા તેમજ પીએસઆઇ સરવૈયા અને સંઘી સાહેબ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સામાજિક કાર્યકર યોગેશ ગોહિલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ જવાનો અને કડોદરા, દહેજ, ભેંસલી ગામોના યુવાનો વચ્ચે વોલીબોલ મેચનું આયોજન થયું હતું.

**DATE: 20/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયાની હાઇસ્કૂલ ખાતે પોલીસ દ્વારા બાળકોને સ્ટેશનરીનું વિતરણ



**ઝઘડિયા** | ઝઘડિયા ખાતે પોલીસ દ્વારા દિવાન ધનજીશા હાઈસ્કુલના બાળકો માટે રમતગમતનું આયોજન કરીને બાળકોને લંચબોક્ષ, પેન્સિલ, રબર જેવી જરૂરી અભ્યાસ ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝઘડિયા પીઆઈ એન.આર.ચૌધરી,બચ્ચનભાઈ સહિત પોલીસ સ્ટાફના માણસો ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ રમતો રમીને વિવિધ અભ્યાસ ઉપયોગી વસ્તુઓ મેળવીને ખુશી વ્યક્ત કરી હતી.

**DATE: 22/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# નબીપુરની વિસામો હોટલના કમ્પાઉન્ડમાં બિનઅધિકૃત ડીઝલ સાથે ત્રણ ઝડપાયા

ભરૂચઃ ભરૂચ LCBને માહિતી મળી હતી કે નેશનલ હાઈવે નં.48 નબીપુર બ્રિજ પાસે આવેલી વિસામો હોટલના સંચાલકે તેના કમ્પાઉન્ડમાં બંધ હાલતમાં પડેલી ટ્રકોમાં ડીઝલ ટેન્કમાં શંકાસ્પદ ડીઝલનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેને લઈ પોલીસે રેડ કરી કમ્પાઉન્ડમાં ચેક કરતાં 120 લીટર બિનઅધિકૃત ડીઝલ કિં.રૂ.10,800 સાથે ગૌતમસિંગપપ્પુસિંગ લબાના (સરદાર), સોનુસિંગ કવલજિત મજબીશીખ (સરદાર) (બંને રહે., નબીપુર, નવી નગરી, તા.જિ.ભરૂચ) અને રણજીતસિંગ સતનામસિંગ ગીલ (રહે.,વિસામો હોટલ સ્ટાફ રૂમ, નબીપુર)ને ધરપકડ કરી નબીપુર પોલીસમાં સોંપવામાં આવ્યા હતા.

**DATE: 22/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અગાઉ અંકલેશ્વર, નેત્રંગ - ભરૂચના 4 ઝડપાયાં

# અંકલેશ્વરમાં દારૂના ગોડાઉન કેસમાં વધુ એક આરોપી ઝબ્બે

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

નેત્રંગ તાલુકાના કંબોડિયા નો બુટલેગર અશોક કેસરીમલ માલી અને લખીરામ ગીરીરાજ ગૌતમ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી અંકલેશ્વર જીઆઈડીસીની ક્રિસ્ટલ ચોકડી પાસે આવેલા પ્લોટ નંબર-4504 ખાતે ગોડાઉનમાં દારૂનું કટિંગ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે ગત 4 જાન્યુઆરીએ રેડ કરીને દારૂનો જથ્થો ભરેલી ગોડાઉન ઝડપી પાડયુ હતુ. પોલીસે ગોડાઉન અને આઈસર ટેમ્પોમાંથી 19.23 લાખનો દારૂ તેમજ આઈસર ટેમ્પો 15 લાખ સહિત કુલ 34.23 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં અગાઉ પોલીસે રામદાસ રમણ વસાવા, અશોક કેસરીમલ માલી,લખીરામ ગીરીરાજ ગૌતમ અને દેડીયાપાડા ના જીતેન્દ્ર ઉર્ફે લંગડો વસાવા મળી ભરૂચ ના બુટલેગર મળી 5 વ્યક્તિની ધરપકડ કરી હતી. જે ગુનામાં હવે એલસીબી પોલીસએ વાલિયા તાલુકાના ઝોકલાના અતુલ કમલેશ વસાવાનું નામ સામે આવતા ચોક્કસ માહિતી આધારે અંકલેશ્વર જીઆઈડીસીમાંથી ઝડપી પાડ્યો હતો અને જીઆઈડીસી પોલીસના હવાલે કર્યો હતો.

**DATE: 22/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ટેમ્પો અંકલેશ્વરની વિહિતા કેમ કંપનીમાંથી નીકળ્યો હતો

# અંકલેશ્વર જીઆઈડીસીમાંથી 5 લાખનું શંકાસ્પદ કેમિકલ ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાંથી શંકાસ્પદ કેમિકલ ભરેલો ટેમ્પો ભરૂચ એસઓજીએ ઝડપી પાડી રૂ.5 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અંકલેશ્વરની વિહિતા કેમ કંપનીમાંથી શંકાસ્પદ રસાયણ ભરી ટેમ્પો નીકળ્યો હતો. કેમિકલ વેસ્ટ છે કે પછી કોઈ રાસાયણિક કેમિકલ છે. જે અંગે એફએસએલ તેમજ જીપીસીબીએ પણ સેમ્પલ લીધા હતા.

ભરૂચ એસઓજી પોલીસનો સ્ટાફ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન માહિતી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ વિહિતા કેમ કંપનીમાંથી એક આઈસર ટેમ્પો માં શંકાસ્પદ મટીરીયલ પ્લાસ્ટિકના બેરલો ભરીને ખાલી કરવા જનાર છે જેના આધારે એસઓજી પોલીસે વોચ ગોઠવી ને ફી કોમ ચોકડી નજીકથી ટેમ્પો ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પોમાં તપાસ કરતા અંદરથી શંકાસ્પદ કેમિકલ ભરેલા 36 બેરલ મળી આવ્યા હતા.આ અંગે ટેમ્પો ચાલક જિતેન્દ્ર કુશવાહા પાસે જરૂરી પુરાવા અને બિલ ન મળી આવતા એસઓજી પોલીસે શંકાસ્પદ કેમિકલ અને ટેમ્પો મળી રૂ.5 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને જીઆઈડીસી પોલીસ ના હવાલે કરતા જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. એસ.ઓ.જી દ્વારા ટેમ્પો માં ક્યું રસાયણ છે કે પછી કેમિકલ વેસ્ટ છે તેની ચકાસણી માટે જીપીસીબી ને જાણ કરી હતી તો એફ.એ.એલ અને જીપીસીબી ને સેમ્પલ લેવડાવ્યા બાદ તેના રિપોર્ટ આધારે આગળની કાર્યવાહી શરુ કરવાની કવાયત શરુ કરી હતી.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESAH PAGE-12**

# આમોદ પોલીસ દ્વારા અકસ્માત રોકવા ટ્રકો પાછળ રેડીયમ પટ્ટી લગાવાઈ

જંબુસર : આમોદ અને મગણાદ ગામ વચ્ચે નેશનલ હાઈવે ઉપર ત્રણ દિવસ પહેલા ઉભેલા ડમ્પરમાં રાત્રીના સમયે ઈકો ગાડી અથડાતાં સાત લોકોના મોત થયા હતાં. જે ડમ્પરમાં કોઈ રીફ્લેક્ટર લાઈટ કે સાઈડ લાઈટ ચાલુ નહોતી. જેના કારણે સાત નિર્દોષ લોકોના મોત થયા હતાં. જેથી ફરી કોઈ આવો બનાવ ના બને માટે આમોદ પોલીસ દ્વારા મોટા વાહનો ઉપર રેડિયમ પટ્ટી લગાવી અકસ્માત નીવારવાનો કામગીરી કરી હતી.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# વાગરાના ઓચ્છણ ગામે જુગારના અડ્ડા પર રેડ

વાગરા : વાગરા પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે ઓચ્છણના કુતરિયા વગામાં આવેલા ખલ્લા ખેતરમાં કેટલાક શખ્સોએ જુગારની મહેફીલ જમાવી હોવાની ચોક્કસ બાતમી મળતા ટીમે સ્થળ પર રેડ કરી હતી. પોલીસની રેડ જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી જો કે તે પૈકીના માત્ર એક ખેલી ઉપેન્દ્ર રમેશ ગોહિલને પોલીસે ઝડપી પાડયો હતો. જયારે ત્યાંથી અન્ય પાંચ શકુનીઓ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા.

તેમના નામઠામ પુછતા ધર્મેન્દ્ર ઉર્ફે પંકજ ગોહિલ, મુકેશ ભાયલાલ વસાવા, મોહસીન ઐયુબ મન્સુરી તથા અન્ય બે ઈસમો જેમના નામ જાણી શકાયા ન હતા. પોલીસે સ્થળ પરથી માત્ર રૂ.૩૭૦૦ રોકડા જયારે એક મોબાઈલ, ત્રણ બાઈક અને એક કાર સહિત કુલ રૂ.૬.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર થઈ ગયેલા આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# અંકલેશ્વરમાં હેઝાર્ડસ વેસ્ટ ખાલી કરે તે પહેલાં બે ટ્રક ઝડપાઈ, બેની ધરપકડ

ભરૂચ: ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે અંક્લેશ્વર GIDCમાં આવેલા નાંદોસલ ઈન્ડસ્ટ્રિઝ કંપનીમાંથી હાઈવા ટ્રક નં. GJ 16 Z 3503 તથા હાઈવા નં. GJ 21 W 0229માં માટી જેવું કાળા કલરનું હેઝાર્ડસ વેસ્ટ ભરીને તિલકવાડાના નલિયા ગામે ખાલી કરવા જવાના છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી બે હાઈવા ટ્રક આવતા તેને રોકી લઈ, તેમાં તપાસ કરતાં હેઝાર્ડસ વેસ્ટ મળી આવ્યું હતું. એક હાઈવામાં 25 ટન તથા બીજા હાઈવામાં આશરે 24.5 ટન મળી આવ્યું હતું. પોલીસે બન્ને ચાલકો પાસે આધાર પુરાવા ન મળતા ટ્રક ચાલક સોહન રેવસીંગ ભાભોર અને મિલેશ નાનકા વસુનીયાની અટકાયત કરી હતી. પોલીસે તેઓ પાસેથી બે ટ્રક સહિત રૂ.14 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

નશા કરતાં ચોરી કરવાનું મન થતાં કોઇ ઘરને ટાર્ગેટ બનાવતો

# પ્રેમિકાએ દગો આપ્યો તો તેનો ફોટો જોઈ નશો કરી ગુસ્સો કાઢવા ચોરીઓ કરતો

## જીમી ઉર્ફે દિપકે 4 રાજ્યોમાં 100 થી વધુ ચોરી કરી હોવાની કબૂલાત કરી

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 7 લાખ રૂપિયાની ચોરી થઇ હતી. જેમાં મકાનમાં લાગેલા સીસીટીવીમાં તસ્કર કેદ થયા બાદ પોલીસે તેની ઓળખ કરતાં તે જીમી ઉર્ફે દીપક બીપીન બાબુલાલ શર્મા હોવાનું પડતાં પોલીસે તેને સુરત ખાતે તેમના નિવાસ સ્થાનેથી ઝડપી પાડ્યો હતો. જોકે આ ચોરની ઉલટ તપાસમાં મહાચોરની ગજબ કહાની પોલીસ સમક્ષ આવી છે. પીઆઈ પ્રગ્નેશસિંહ ચાવડાની પૂછપરછમાં રીઢા ચોર જિમી ઉર્ફે દિપકએ 14 વર્ષનો હતો. ત્યારે તેના પિતરાઈ ભાઈ સાથે હરિયાણામાં પહેલાં ગેસ બોટલની ચોરી કરી હતી. જે બાદ ચોરીનો સિલસિલો શરુ થયો હતો. નંદુબારમાં માધ્યમ વર્ગ પરિવારમાં એક વેપારીના એકના એક પુત્ર ચોરીના રવાડે ચડ્યા બાદ પ્રેમમાં પણ પડ્યો હતો. જો કે પ્રેમિકા તરછોડી જતી રહી હતી. નશાની આદત અને તેમાં પણ પ્રેમિકાએ આપેલા દગામાં ચોર તેની તસ્વીર જોતા જ નશો કરી ચોરી કરવાનું શરુ કર્યું હતું. ખાસ કરીને નશો કરતા જ ચોરી કરવાની માનસિકતા ધરાવતા જિમી ઉર્ફે દિપકે માનસિક અસ્થિરતા ગુમાવી દીધી હતી. ચોરી કરતા પહેલા રેકી કરતો અને જે બાદ નશો કરી ચોરી કરતો હતો. એટલું જ નહિ ચોરીમાં આવેલ રૂપિયા અને દાગીના લઈ સીધો જ ગોવા પહોંચી જતો હતો ત્યાંપહોંચ્યા બાદ કેસિનોમાંજુગાર રમતોહતો અને ઐયાસી કર્યા બાદ રૂપિયા પૂર્ણ થતા જ પુનઃ ચોરી કરવા લાગી જતો. તદ્દન ફિલ્મીજેવી ચોરની આ કહાની પોલીસ પૂછપરછમાં સામે આવી હતી. ત્યારે પોલીસ સમક્ષ 100 થી વધુ ચોરી કરી હોવાની પણ વાત જણાવી હતી. જોકે પોલીસ મથકમાં હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર સહીત રાજ્યમાં તેની સામે 58 જેટલા ઘરફોડ ચોરીના ગુના નોંધાયા છે.



### પોલીસ મારથી બચવા પોતાને ઈજા કરતો

જિમી ઉર્ફે દિપક ચોરીમાં પોલીસ સ્ટેશનોમાં અનેકવાર પકડાયા બાદ એટલો અઠંગ થઈ ગયો હતો કે કાયદાનો અડધો જાણકાર બની ગયો હતો. જેને લઈ ચોરી કરતી વેળા કોઈને મારતો કે ઈજા કરતો ન હતો. એટલું જનહિ એકલો જ ચોરીને અંજામ આપતો હતો. અને પકડાઈ તો પોતાના માથામાં બ્લેડ વડે ઈજા કરી લેતો હતો કે શરીરનાઅન્ય ભાગમાં ઈજા કરી પોલીસના મારથી બચવાની કોશિશ કરતો હતો.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પત્નીની ફરિયાદે અભયમે પતિનું કાઉન્સિલિંગ કર્યું

# લગ્નના 5 વર્ષ બાદ બાળક નહીં થતાં પ્રેમિકાને લાવવાની તૈયારી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અભયમને એક મહિલાનો ફોન આવતા ટીમ તાત્કાલિક તેમની પાસે પહોંચી વાતચીત કરતાં પીડિત મહિલાએ જણાવ્યું કે તેમના લગ્નને પાંચ વર્ષ થયા પણ બાળક નહીં થતાં પતિ સારું ન રાખતા હતા. હોસ્પિટલમાં દવા કરાવવા માટે પૈસા નથી તેવું કહી રોજ લડાઈ ઝઘડા કરે છે. અને ઘરની બહાર નીકળી જાય છે. મારા પતિના મા બાપ નથી તેથી મે બધું સહન કરીને રહું છું પતિ કાયમ મેણા મારે છે. મારી સાથે બેસતા નથી અને વાત પણ કરતાં નથી. તે પરસ્ત્રી સાથે સંબંધ રાખી તેમની સાથે જ વાત કરે છે. હવે મારા પતિ મારી સાથે છૂટાછેડા માગી તેમની પ્રેમિકાને ઘરમાં લાવવા માગે છે. મારા પતિ કહે છે, બાળકો થતા નથી જેથી મારે બીજા લગ્ન કરવા છે. ત્યારે અભયમની ટીમે પતિનું કાઉન્સિલિંગ કર્યું અને સમજાવ્યા કે હોસ્પિટલમાં જઈ પત્નીની દવા કરાવે અને આડા સંબંધ રાખી પોતાની પત્નીને શારીરિક માનસિક ત્રાસ ના આપે તેવું જણાવી કાયદાકીય માહિતી આપી હતી.

**DATE: 23/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પોલીસે રૂા. 40 હજારની બાઈક રિકવર કરી

# અંકલેશ્વર ઓએનજીસી કોલોની પાસેથી બાઈક ચોરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સજોદ ગામ ખાતે રહેતા રાહુલ મકવાણા ઝઘડીયા જીઆઈડીસી માં આવેલ અનુપમ રસાયણ માં નોકરી કરે છે. જેને નિત્યક્રમ મુજબ ઓએનજીસી કોલોની જીતાલી જકાતનાકા પાસે ગત 18 ના બપોરે બાઈક પાર્ક કરી હતી. જે બે દિવસ બાદ પરત 20 ની ના રોજ લેવા જતા ચોરી થઇ ગઈ હોવાનું સામે આવ્યું હતું જેની શોધખોળ કરવા છતાં ના મળી આવતા ઈ એફ.આઈ.આર કરી હતી.

દરમિયાન તાજેતરમાં અંકલેશ્વર શહેર એડિવિઝન પોલીસ દ્વારા દિવા ગામ નીનવી નગરી ખાતે રહેતા દર્શન ભુપેન્દ્ર પટેલ નામના ઈસમ ને બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. જે બાઈક ની ચેચિસનંબર અને એન્જિનનંબર આધારે તપાસ કરતા બાઈક રાહુલ મકવાણા ની હોવાનું સામે આવ્યું હતું. અને આ અંગે તેને ઈ એફ.આઈ.આર કરી હોવાનું સામે આવ્યું હતું. જે બાઈક તેની જ હોવાની પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ખાતરી કર્યા બાદ શહેર એડિવિઝન પોલીસ એ બી ડિવિઝન પોલીસ ને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# કાવી ગામે જુગાર રમતા પાંચ ઝબ્બે ₹ 11,820 જપ્ત

ભાસ્કર ન્યુઝ | ભરૂચ

ભરૂચ કાવી ગામે રમતા જુગાર ધામ પર બાતમીના આધારે પોલીસે તપાસ કરતાં આંબાવાડિયામાં કોઠીના ઝાડ નીચે કેટલાક લોકો ભેગા મળી પાનાં પત્તા વડે જુગાર રમી રહ્યા હતા. ત્યારે પોલીસે રેડ કરી પાંચ ઈસમોને જુગાર રમતા પકડાયા હતા. તેમજ તે ઓની તપાસ કરતાં રૂ 8, 950 અને દાવ પરથી રૂ.2,870 આમ કુલ મળી જુગાર ધામ પર થી રોક રૂપિયા 11,820 જપ્ત કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.